**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૦.૪ ડીગ્રી
લઘુતમ : ૨૫.૪ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૮૪ ટકા

### સામાન્ય જનતા પર મોંઘવારીનો વધુ એક માર

# દહીં-છાસમાં એક લીટરનાં પાઉચમાં રૂ.૧ થી ૩નો વધારો

## પૌઆ અને માખણની સાથે સાથે બાજરી, રાઈ, ઓટ્સ, મકાઈ, મેંદો, રવો ખરીદવું મોંઘુ પડશે

ગાંધીનગર.તા.૧૮

શહેરીજનોની દૈનિક જરૂરિયાત વાળી ચીજવસ્તુઓ નાં ભાવમાં વધારો થયો છે.દહી અને છાસનાં એક લીટરનાં પાઉચ માં રૂ.૧થી ૩નો વધારો થયો છે તેમજ કુદરતી મધ, પૌઆ ઉપર ૫ ટકાના દરે ગુડ્સ એન્ડ સર્વિસ ટેકસ લાગુ કરવાનો નિર્ણય લેવાયો છે.

જવ, બાજરી, મકાઈ, રાઈ, ઓટ, ઘઉં, મેંદો, રવો, નમકીન, ભુજીયા સહિતના રેડી ટુ ઈટ નમકીન પર ૫ ટકાના દરે જીએસટી લાગુ કરવાનો નિર્ણય લેવાયો છે. ખાંડ, ગોળ, દહી, લસ્સી, છાશના અગાઉ થી પેકિંગ કરી રાખીને વેચવા મૂકેલા પ્રીપેકડ પેકેટ ઉપર ૫ ટકાનાં દરે ગુડસ સર્વિસ ટેકસ વસૂલવામાં આવશે. સોમવારથી દહી અને છાસમાં એક લીટરનાં પાઉચમાં રૂ.૧ થી ૩ નો વધારો લાગુ કરવામાં આવ્યો છે.

બ્રાન્ડેડ હોય કે અન બ્રાન્ડેડ હોય પ્રીપેક કરેલી ચીજવસ્તુઓ પર જીએસટી લેવાનો નિર્ણય લેવાયો છે જોકે દરેક ઘર માં જતાં દૂધ ઉપર ૫ ટકા જીએસટી લાગુ ન કરવાનો નિર્ણય કર્યો છે દૂધ દોહવા માટેના મશીન પર થતા ડેરીમાં ઉપયોગમાં લેવાતી જુદી જુદી મશીનરી પર ૧૮ ટકા નાં દરે જીએસટી વસૂલવામાં આવશે. અમૂલના




દહી, છાસ અને લસ્સી પર ૫ ટકાના દરે જીએસટી અને ૨.૫ ટકા સીજીએસટીનો હિસ્સો રહેશે .આ ઉપરાંત પ્રિન્ટિંગ, રાઈટિંગ, ડ્રોઈંગની ઈન્ક ઉપર ૧૮ ટકા જીએસટી લાગુ થશે. તેમજ ચકકુ, કાગળ કાપવાની છરી, પેન્સિલ છોલવાનો સંચો, બ્લેડ, ચમચી, કેક સર્વર પર પણ ૧૮ ટકાનાં દરે જીએસટી લાગશે. પાતાળ કૂવા કે બોરમાંથી પાણી ખેંચવા ટ્યુબ વેલનાં પંપ પર પણ ૧૮ ટકા જીએસટી લાગશે. સામાન્ય જનતા માટે આ મોંઘવારીનો માર સહન કરવો કઠિન બની રહ્યું છે એક બાદ એક ચીજવસ્તુઓનાં ભાવ વધી રહ્યા છે ગરીબ જનતા મોંઘવારીમાં પીસાઈ રહી છે અને સરકાર કોઈ ચીજવસ્તુઓ નાં ભાવ માં ઘટાડો કરી રહી નથી. જનતા દિવસે ને દિવસે ગરીબીમાં ધકેલાઈ રહી છે. ઓછી આવકની સામે મોંઘવારીમાં ખર્ચ વધી રહ્યા છે.જનતા મોંઘવારીનાં કારણે વિરોધ કરી રહી છે તેમ છતાં સરકારને સામાન્ય જનતા ની પરેશાની દેખાતી જ નથી. ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે બે ટંક ખાવાનું પણ મુશ્કેલ બની રહ્યું છે. દરેક ચીજવસ્તુનાં ભાવ વધવાના કારણે જનતા બેહાલ થઈ ગઈ છે.

**જન્મદિને વધામણી**



દક્ષ પટેલ
મો. ૭૬૦૦૪ ૪૮૪૨૮



ધ્રુવરાજસિંહ મોન્ટુસિંહ રાણા



યશરાજસિંહ જીતેન્દ્રસિંહ સોલંકી
મો. ૯૬૨૪૩ ૨૯૭૦૪

## વિજ્ઞાન ગુર્જરી દ્વારા માર્ગ સલામતી વિશે સેમિનાર

શ્રી સ્વામિનારાયણ પોલીટેકનીક ગાંધીનગર દ્વારા વિજ્ઞાન ગુર્જરી દ્વારા ઉજવાઈ રહેલ સ્ટુડન્ટ વિઈનોવેશન ફેસ્ટીવલ-૨૦૨૨ અંતર્ગત ઈનોવેટિવ પ્રેકટિસ ફોર રોડ સેફટી વિષય પર નિષ્ણાંતો દ્વારા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રિયાંક ત્રિવેદી કે જેઓ માર્ગ સલામતીના રીસર્ચર છે તેમના દ્વારા વિદ્યાર્થીઓને માર્ગ સલામતી માટે શું ધ્યાન રાખવું, માર્ગ સલામતી તમે કેવી રીતે કેળવી શકો છો. માર્ગ સલામતીના નવા સંશોધનો અને માર્ગ સલામતીમાં તમે કેવી રીતે બીજાને મદદ કરી શકો છો તે બાબતનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦થી વધારે વિદ્યાર્થીઓને ભાગ લીધો હતો.



સેક્ટર-૫ શિવશક્તિ મંદિર ખાતે ફુગ્ગાઓનો હિંડોળો યોજાયો હતો. ફુગ્ગાઓના હિંડોળામાં મોટી સંખ્યામાં ભાવિકોએ દર્શન કર્યા હતા.

## ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના તાલીમાર્થીઓએ સેકટર-૧૪ દાંડીકુટીરની મુલાકાત લીધી



કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની એસ.એસ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને આર.એચ.પટેલ ઈંગ્લીશ મીડીયમ બી.એડ.કોલેજ સેકટર-૨૩ની કોલેજના તાલીમાર્થીઓએ તાજેતરમાં દાંડીકુટીરની મુલાકાત લીધી હતી. ગાંધીજીની જીવન શૈલી તેમજ તેમના કાર્યોનો પરિચય મળી રહે તે હેતુથી યોજાયેલી મુલાકાતમાં ગાંધીજીનું બાળપણ, તેમના જીવનને અસર કરતા પરિબળો, ગાંધીજીનો વકીલાત તરીકે અનુભવ, દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ, ભારત પરત આવ્યા પછી ભારતમાં સ્વતંત્રતા સંગ્રામ માટે યોજેલી વિવિધ ચળવળો વગેરેનું પ્રદર્શન નિહાળ્યું હતું. આ મુલાકાતનું આયોજન ડો.વિભાબેન દ્વિવેદી તેમજ ડો.શીતલબેન દિક્ષિતે કર્યું હતું.

## વેદ ઈન્ટિગ્રેટેડ દ્વારા સંચાલિત એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં ઝુમ્બા સેશન




ગાંધીનગર, તા.૧૮

વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં ઝુમ્બા સેશન રાખવામાં આવ્યું હતું. શરીરના સ્નાયુઓને વિકસિત કરવા તથા સુમેળ પૂર્વકના વિકાસ માટે ઝુમ્બા બાળકો માટે ખૂબ જ આવશ્યક છે. તો આવા હેતુથી એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં બાળકોને પદ્ધતિસરના ઝુમ્બા ડાન્સ શીખવાડવામાં આવેલ હતા. જે કાર્ડિયો વેસ્ક્યુલર હેલ્થને બહેતર બનાવે છે. વળી, હળવી કસરત તથા ડાન્સનું મિશ્રણ હોવાથી બાળકો સહેલાઈ પૂર્વક કરી શકે છે.



ગાંધીનગર કેળવણી મંડળ ટ્રસ્ટ સ્કૂલ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બાળકો, સ્કૂલના મેનેજીગ ટ્રસ્ટી કિરીટભાઈ શાહ, ભુપેન્દ્રભાઈ પટેલ, પ્રહલાદભાઈ પટેલ, ગાંડાભાઈ પટેલ, યોગેશ નાયી, ગામજનો, આચાર્ય, શિક્ષકગણ હાજર રહયા હતાં.

## સરકારી વાણિજ્ય કોલેજ ખાતે કેમ્પસ ટુ કોર્પોરેટ વર્કશોપ યોજાયો




સરકારી વાણિજ્ય કોલેજ,સેકટર-૧૫,ગાંધીનગર ખાતે **Jolly Hires** ના સહયોગથી **'Campus to Corporate'** શીર્ષક હેઠળ બે દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવેલું હતું.જે અંતર્ગત વિદ્યાર્થીઓને **Skill Development**,રિઝ્યુમ કેવી રીતેકરવું તૈયાર કરવું,ઈન્ટરવ્યૂમાં કેવી રીતે શ્રેષ્ઠ પ્રદર્શન કરવું તેની તાલીમ પ્રેક્ટીકલ પ્રવૃતિઓ દ્વારા આપવામાં આવી હતી.કોલેજના આચાર્યશ્રી ડૉ.એ.એન.સુતરિયા સાહેબના પ્રોત્સાહક અને માર્ગદર્શક નેતૃત્વ હેઠળ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના **Placement Cell**ના સંયોજક ડૉ.ધવલ નકુમ અને ડૉ. પારુલ દવે દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. કોલેજના અન્ય અધ્યાપકશ્રીઓએ પણ વર્કશોપમાં સતત હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.સોલંકી કાળાજી અમરાજી, ઉ.વ.૫૧, ડભોડા
- સ્વ.પ્રજાપતિ પુંજાભાઈ દેવાભાઈ, ઉ.વ.૮૩, પેથાપુર
- સ્વ.રાવળ શોભનાબેન અમૃતભાઈ, ઉ.વ.૫૫, સેકટર-૧૨

# જમીનને કેમિકલ આપવાનું બંધ કરીશુ તો શરીરને "કિમો" આપવી નહીં પડે..!!

### કેન્સરમાં માતા-પિતા ગુમાવનાર પુત્રએ અપનાવી પ્રાકૃતિક આહાર પદ્ધતિ અને કિચન ગાર્ડનમાં જ તૈયાર કર્યા શુધ્ધ ઓર્ગેનિક દેશી બિયારણો પણ : આજે માત્ર કાચાં શાકભાજી અને ફળો ખાતો આ યુવાન મિત્રોને ઓર્ગેનિક બિયારણો આપે છે અને તેને ઉગાડવા સહિત વૃક્ષોના જતનમાં પણ માર્ગદર્શન કરે છે



**સંબંધ સજાવે જિંદગી**
**સમીર રામી**

ગાંધીનગર, તા.૧૮

આજકાલ ખાસ કરીને કોરોના મહામારીના આગમન પછી માનવી આરોગ્ય અને ખોરાક બાબતે ખુબ સભાન બનતો જાય છે. દિવસેને દિવસે "ઓર્ગેનિક ફુડ"ની બોલબાલા વધતી જાય છે પરંતુ સામાન્ય માનવીને તો આ "ઓર્ગેનિક ફૂડ" કઈ બલાનું નામ છે તેની હજુ ખબર પડતી નથી તેમાં ક્યાંક ઓર્ગેનિક ફૂડ કે અન્ય ઉત્પાદનો વેચાતા જોવા મળે તો તે ખરીદવા પ્રયાસ કરે તો તેનો ભાવ સાંભળીને જ તેના મોતિયાં મરી જાય અને ભૂલથી સાહસ કરીને ખરીદી પણ લે તો તે ઉત્પાદનો ખરેખર "ઓર્ગેનિક" છે કે તેના નામે માત્ર ખિસ્સાં ખંખેરવામાં આવી રહ્યાં છે તેની ચોકસાઈ ક્યાં અને કેવી રીતે કરવી તેની અવઢવ પેદા થાય તેવી સ્થિતી જોવા મળી રહી છે. કોઈ પણ જાતના રાસાયણિક ખાતરના ઉપયોગ વગર દેશી બિયારણો થકી ઉગાડેલાં અનાજ-શાકભાજીને "ઓર્ગેનિક" કહેવાય તેની સમજ અને તે રીતે સામાન્ય વ્યક્તિ સુધી પંહોચવી આજના સમયે જરૂરી બની રહ્યું છે. જોકે ગાંધીનગરમાં પ્લોટિંગ સિસ્ટમમાં બનાવાયેલાં મકાનોને કારણે મોટાભાગના વસાહતીઓ પાસે કિચન ગાર્ડનિંગ કરવાની જગ્યા મળી રહે છે અને અસંખ્ય શહેરીજનો તે કરે પણ છે, જેમાં સેક્ટર-૨૮માં વસતા પ્રજ્ઞેશ જોષી નામના યુવાન તો ઘરના બગીચામાં જ કેટલાંક શાકભાજી-ફળોના શુધ્ધ દેશી "ઓર્ગેનિક" બિયારણો તૈયાર કરે છે અને રસ ધરાવતાં મિત્રોને આપીને તેને ઉગાડવા પ્રેરણાં પણ આપે છે.

ગાંધીનગરના સેકટર-૨૮માં આરાધના સ્કૂલ નજીક રહેતાં પ્રજ્ઞેશ જોશી આમ તો મૂળ કચ્છના માંડવી તાલુકાના ગઢશીશાના પરિવારના સંતાન છે જેમના પિતા જેઓ સ્વતંત્રતા પહેલાં મુંબઈ ખાતે આઝાદીની ચળવળમાં ભાગ લઈ ચુકેલાં સ્વાતંત્ર્ય સેનાની હતા અને આઝાદ ભારતમાં ગુજરાતમાં નશાબંધી ખાતામાં ડાયરેકટર જેવા પદે કાર્ય કરીને નિવૃત થયાં હતાં. અમદાવાદમાં વસવાટ દરમ્યાન જન્મેલાં તેમના બે દિકરાં અને એક દિકરી સહિત પત્નિ અરૂણાબેન સાથે તેઓ નિવૃત્તિ બાદ ગાંધીનગરમાં વસ્યાં જેમના સૌથી નાના સંતાન એટલે પ્રજ્ઞેશ જોશી જેઓ કોમર્સ ગ્રેજ્યુએટ થવા છતાં ટેકનોલોજીમાં રસ ધરાવતાં હોવાથી કોમ્પ્યુટર હાર્ડવેરના વ્યવસાયમાં જોડાયાં. ટેકનોલોજીના ભરપુર ઉપયોગ અને વ્યવસાય સાથે એક સમયે પ્રજ્ઞેશ જોષીને બ્રહ્મજ્ઞાન થયું કે વધુપડતી ટેકનોલોજી પણ નુકસાનકારક છે અને તે સમયથી તેમની પ્રકૃતિ પ્રત્યે રુચી વધવા લાગી હતી. આ દરમ્યાન તેમના તદન નિર્વ્યસની પિતાને ગળાનું કેન્સર થયું અને તેની લાંબી પીડાદાયક સારવાર ચાલી હતી. કેન્સર અંગે જાણકારી મેળવતા પ્રજ્ઞેશભાઈને સમજમાં આવ્યું કે રાસાયણિક ખાતરોથી પેદા થતા અનાજ શાકભાજીને આરોગવાથી કૅન્સર થવાની શક્યતા વધુ રહે છે. ગળાના કેન્સરને કારણે પિતાને ખોરાક લેવામાં ખૂબ મુશ્કેલી નડતી હતી જેના કારણે પ્રજ્ઞેશભાઈ મને વિચાર આવ્યો કે કંઈક એવું શોધવું જોઈએ જેના થકી લાંબો સમય સુધી ખોરાક પાણી લેવા ના પડે છતાં શરીરને પૂરતું પોષણ મળી રહે. આ બાબતે સંશોધન કરતા તેઓ "એચઆરએમ" એટલે કે બાળાસાહેબ ઠાકરેએ જેમને "હીરા માણેક રત્ન"ના હુલામણા નામથી નવાજેલાં તેવા હીરાજી નામના ગુજરાતી યોગ ગુરુ અંગે જાણવા મળ્યું જેઓ સૂર્યયોગના સહારે ખોરાક પાણી વગર ૪૧૧ દિવસો ઉપવાસ પર રહ્યાં હતા અને પારણા કર્યાના બીજા જ દિવસે ચોટીલાનો ડુંગર ચઢી ગયાં હતાં. આ સૂર્ય યોગમાં દરરોજ પ્રભાતે સૂર્યોદય સમયે માત્ર દસ સેકન્ડ માટે સૂર્યને ધ્યાનથી નિહાળવાનું હોય છે અને દરરોજ નિયમિત રીતે તેમાં દસ સેકન્ડના સમયનો ઉમેરો કરતાં કરતાં ૪૫ મિનિટ સુધી આ ક્રિયાને લઈ જવાની હોય છે. આ સૂર્યયોગનો પ્રયોગ તેમના પિતા માટે તો શક્ય ના બન્યો પરંતુ પોતે કરતા કરતા પ્રજ્ઞેશભાઈએ અનુભવ્યું કે તેમના પોતાના શરીરની ઘણી ફરિયાદો દૂર થવા લાગી છે. આ પછી તેમણે પોતાના આહારમાં પણ ઘણા ફેરફારો કર્યા જેમાં તેઓ લીંબુ પાણી અને ફણગાવેલા મગ તો ક્યારેક માત્ર દહીં પર જ દિવસ કાઢી નાખતા હતા. ધીમે ધીમે તેમનું અનાજ ખાવાનું જ છુટી ગયું અને અત્યારે તેઓ માત્ર કાચા શાકભાજી અને ફળફળાદિ જ આરોગે છે. હવે સવાલ આવ્યો જે શાકભાજી વગેરે ઓર્ગેનિક હોવા જોઈએ જે માટે તેમણે જુનાગઢ યુનિવર્સિટી અને સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતી સ્કૂલની મદદ લીધી અને ઘરના કિચના ગાર્ડનમાં પ્રયોગો શરૂ કર્યા. તેમના પિતાને તો પછી પિત્તાશયનું કેન્સર પણ અને તેમાં તેમનું અવસાન થયું તેટલું જ નહીં પરંતુ તેમના માતા પણ ગત વર્ષે જ ગર્ભાશયના કેન્સરનો ભોગ બન્યાં.









પોતાના પ્રયોગો સાથે પ્રજ્ઞેશ જોશીએ પોતાના ઘરની બાજુમાં મોટા ખુલ્લાં સરકારી પ્લોટમાં વૃક્ષારોપણ થાય તે માટે પ્રયત્નો હાથ ધર્યા છે માટે તેમણે "ગાંધીનગર ચમકાવવું છે" ગ્રુપની મદદ લઈને તત્કાલીન મેયર રીટાબેન પટેલની ઉપસ્થિતિમાં આશરે ૩૦૦ જેટલાં વૃક્ષોનું વાવેતર કરાવ્યું હતું. વળી આ પ્લોટને જૂની જર્જરિત ફેન્સીંગનું ખિસ્સાના ખર્ચે સમારકામ કરાવીને છોડને સુરક્ષા આપી હતી અને મેયરે તેમને મજબૂત ફેન્સિંગ કરી આપવાનું વચન આપ્યું હતું. જોકે તે ફેન્સીંગ તો થયું નહીં અને જુનું નીલગાયોએ તોડી નાંખ્યુ છતાં પ્રજ્ઞેશભાઈની જહેમતના કારણે આ વૃક્ષારોપણમાંથી પચાસથી વધુ છોડ મોટા વૃક્ષ બનવામાં સફળ નીવડ્યા છે. આ સાથે તેમણે પોતાના કિચન ગાર્ડનમાં શરૂ કરેલા ઓર્ગેનિક શાકભાજીના પ્રયોગોમાં દૂધી, કારેલા, તુરીયા, ગલકા દેશી ટમેટાં અને પોઈ જેવાં શાકભાજી તદન ઓર્ગેનિક રીતે ઉગાડ્યાં એટલું જ નહિ પરંતુ તેમાંથી તેઓ શુદ્ધ દેશી ઓર્ગેનિક બિયારણ તૈયાર કરવામાં પણ સફળ રહ્યા છે. તેમની ઓર્ગેનિક દૂધી દસેક કિલોની પાકે ને કેળાંની મોટી લૂમ પણ પાકે. આ આ બિયારણ તેઓ રસ ધરાવતા ઉછેરવા સક્ષમ એવાં વિશ્વાસુ મિત્રોને વિનામૂલ્યે આપે છે. તેમણે પોતાના ઘરની પાસે શેતુરનું ઝાડ પડી જતાં તેની ડાળીઓની કલમો કરીને તેના દસ-બાર ફુટ જેટલાં છોડ બનાવીને અનેક પ્રકૃતિપ્રેમીઓને ઉછેરવા આપી ચુક્યાં છે. તેઓ અનેક ખિસકોલીઓ અને પક્ષીઓનું રેસક્યુ બચાવ કાર્ય પણ કરી ચુક્યા છે અને તેમની દરેક પ્રવૃત્તિમાં તેમનાં પત્ની ભાવનાબેન જેઓ ગાંધીનગરના શ્રી અરવિંદ કેન્દ્રના ટ્રસ્ટી પણ છે તેમનો સાથ સહકાર રહે છે. ગાંધીનગરમાં અનેક પર્યાવરણ પ્રેમી યુવાનો વૃક્ષોના જતન અને ગાર્ડનિંગ બાબતે પ્રજ્ઞેશભાઈને સલાહ લે છે અને તેમની પાસેથી ઓર્ગેનિક ખાતર-બિયારણ વગેરે પણ મેળવે છે. પ્રજ્ઞેશભાઈ માને છે કે જો શરીરને કીમોથેરાપી ન આપવી હોય તો આપણી જમીનને કીમો એટલે કે કેમિકલ આપવાનું બંધ કરવું પડશે.

પ્રતિભાવો આવકાર્ય : **samirtalod@gmail.com**